ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હેરાન ન કર... શિવભક્ત છું... શિવરાત્રીની પૂજા માટે જાઉં છું.... ઉપર જોઈ લે, હેલ્મેટ છે જ...!!

# દલિત લોન બાકીદારો માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના

## બાબા સાહેબની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે દલિત સમાજના ભાઈ-બહેનો દેવામાંથી મુક્ત થશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર વર્ષ ૧૯૯૨-૯૩ થી એન. એસ. એફ. ડી. સી.ની ચેનેલાઈઝીંગ એજન્સી તરીકે રાજ્યમાં સફળ કામગીરી કરી રહ્યુ છે. ત્યારથી, આજદિન સુધી રાજ્યમાં રૂ. ૨૭૦ કરોડથી વધુ રકમનું અનુસૂચિત જાતિના લોકોને નાના ધંધા અને વાહન માટે લોન ધિરાણ કરી ચુકેલ છે.

આ લોનના મુદત વિતિ બાકીદારો પર વ્યાજનું વ્યાજની ગણતરી કરતા બધુ મળીને મુદ્દલ કરતાં વ્યાજ અને દંડનીય વ્યાજની રકમ ત્રણથી ચાર ગણી જેટલી થવા પામી છે. આના પરિણામે ગરીબ લાભાર્થીઓ લોનની ચુકવણી કરવાની ઈચ્છા ધરાવતા હોવા છતાં પણ વ્યાજના ભારણને લીધે લોન ચુકવી શકતા ન હતા.

દલિત સમાજના લાભાર્થી વન ટાઈમ સેટલમેન્ટની યોજના બાબતે રમણલાલ વોરા, મંત્રી સામાજીક ન્યાય અને અધધિારીતા સમક્ષ રજુ કરી રાજ્યના નાણાં મંત્રી સાથે પરામર્શ કરી અલગ-અલગ બેઠકો યોજી સમયમર્યાદામાં મુખ્યમંત્રી કક્ષાએથી વન ટાઈમ સેટલમેન્ટની યોજના મંજુર કરાવેલ છે. પરિણામ સ્વરૂપે ચાલુ વર્ષે બાબા સાહેબની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તેના પ્રસંગે ગુજરાતના દલિત સમાજના ભાઈઓ અને બહેનો દેવામાંથી બહાર આવશે. તેવા શુભ હેતુથી વંચિતોના વિકાસ માટે કટિબદ્ધ એવી રાજ્ય સરકાર પાસેથી આ યોજના પેટે રૂપિયા ૫૧ કરોડ જેટલી માતબર રકમનું વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવાની યોજના મંજુર કરાવેલ છે.

આ યોજના મુજબ નિગમનો લાભાર્થી મુદ્દલ ભરે તો આજ સુધીનું તમામ વ્યાજ તેમજ દંડનીય વ્યાજ માફ કરી ખાતુ સરભર કરવાનું રહે. આ યોજનાનો રાજ્ય ભરમાંથી તમામ દલિતોએ હર્ષભેર આવકાર આપી વધાવી લીધેલ છે. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષશ્રી રમેશભાઈ સોલંકીના નેતૃત્વ હેઠળ નિગમના ઉપાધ્યક્ષ અને તમામ ડિરેક્ટરોએ સાથે રહી મંત્રી રમણભાઈ વોરા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, મંત્રી સૌરભભાઈ પટેલ, નાણાં વિભાગ અને મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને રૂબરૂ મળી વન ટાઈમ સેટલમેન્ટ યોજના આપવા બદલ અભિવાદન કરેલ હતુ.

# સેકટરોમાં ગટરોની ફરિયાદો નિવારવા માટે શકર મશીન કાર્યરત

## મશીન ખરીદવાની દરખાસ્તને મંજુરી ન અપાતા તંત્ર દ્વારા ભાડાપેટે એજન્સીને કામ સોંપાયુ પ્રતિમાસ ૪ લાખ ખર્ચ થશે

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો છાશવારે ઉદભવે છે. જયારે સેકટરોમાં ગટરોના દુષિત પાણી ઉભરાતા અસહ્ય ગંદકી ફેલાવાની સાથે રોગચાળાનો ખતરો મંડરાતો હોવાનો આક્રોશ પણ પ્રબળ બને છે. આવા સંજોગોમાં ગટરોની ફરિયાદો નિવારવામાં ઝડપી કામ થઈ શકે તે માટે તંત્ર દ્વારા શકર મશીન ભાડેથી કાર્યરત કરવામાં આવ્યુ છે. જેની પાછળ અંદાજિત પ્રતિમાસ રૂ ૪ લાખનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. સેકટરોની સ્થાનિક ઈન્કવાયરી કચેરીમાં રહીશોની ફરિયાદો સાંભળવા માટે જાણે કોઈ હાજર જ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ડ્રેનેજ ઈન્કવાયરી શોભાના ગાંઠીયા સમાન હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાતા નાગરિકોના ઘર આંગણે દુષિત પાણીનો ભરાવો થાય છે.

જયારે લાંબા સમય સુધી ફરિયાદોનુ નિરાકરણ ન આવતા સ્થાનિક રહીશો પણ ગુગળામણ અનુભવતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગટરોની ફરિયાદોના નિરાકરણ માટે તંત્ર પાસે પર્યાપ્ત મેન પાવર નથી પરંતુ મશીનરીનો પણ અભાવ વર્તાય છે. આવા સંજોગોમાં અગાઉ પાણી ગટર તંત્ર દ્વારા અમદાવાદ કોર્પોરેશનની જેમ જેટીંગ મશીન ખરીદવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ આ દરખાસ્તને મંજુરી ન મળતા તંત્ર દ્વારા સેકટરોમાં ગટરની ફરિયાદો નિવારવા માટે શકર મશીન ભાડેથી કાર્યરત કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેના આધારે તંત્ર દ્વારા ગટરોની ફરિયાદ નિવારવા માટે શખર મશીન કામે લગાડવા માટે એજન્સીને કામ સોંપી દેવામાં આવ્યુ છે.

જો કે આ માટે પ્રતિમાસ રૂ ૪ લાખનો ખર્ચ થશે.

# માણસા પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલ એસીબીની ઝપટમાં

## માર્ગ અકસ્માત બાદ કાયદેસરની કાર્યવાહી નહી કરવા ડમ્પર માલિક પાસેથી રૂ. ૧૫ હજાર માંગ્યા હતા : બે ની ધરપકડ

ગાંધીનગર, તા.૫

માણસા પોલીસ સ્ટેશનની હદમાં થયેલા એક માર્ગ અકસ્માતમાં ગુનો દાખલ નહી કરી કાર્યવાહી ન કરવા માટે માણસા પોલીસ સ્ટેસનના હેડ કોન્સ્ટેબલે ડમ્પર માલિક પાસેથી રૂ. ૧૫ હજારની લાંચ માંગી હતી. જે અંગે ફરિયાદ મળતા આજે મહેસાણા એસીબીની ટીમે છટકુ ગોઠવીને પ્રાઈવેટ પર્સન સહિત હેડ કોન્સ્ટેબલને પકડી પાડયા છે.





આ અંગે પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર કડી વિસ્તારમાં રહેતા પ્રફુલભાઈ માણેકલાલ પટેલના ડમ્પરને માણસા પોલીસ સ્ટેશનની હદમાં અકસ્માત થયો તો. આ માર્ગ અકસ્માતમાં કાયદેસરની કાર્યવાહી ન કરવા માટે માણસા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પરેશભાઈ ગીરીશચંદ્ર ત્રિવેદીએ પ્રફુલભાઈ પટેલ પાસે રૂ. ૧૫ હજારની લાંચ માંગી હતી. હેડ કોન્સ્ટેબલ લાંચ માંગતો હોવાની ફરિયાદ પ્રફુલભાઈ એ એસીબીમાં કરતા મહેસાણા ફીલ્ડના એસીબી પીઆઈ બી.એલ. દેસાઈએ આજે છટકુ ગોઠવ્યું હતું.

બીજી બાજુ, અગાઉ નક્કી થયા મુજબ હેડ કોન્સ્ટેબલ પરેશભાઈએ માણસાના ગુલાબપુરા ખાતે રહેતા ખાનગી માણસ પોપટ શંકરજી ઠાકોરને લાંચની રકમ લેવા મોકલ્યા હતા. ગુલાબપુરાના ઘનશ્યામ ટયુબવેલ ખાતે રૂ. ૧૫ હજારની લાંચ હેડ કોન્સબલના માણસે સ્વિકારી લેતા તેમને પકડીને હેડ કોન્સ્ટેબલને એસીબીની ટીમે પકડયા હતા. બંનેની ધરપકડ કરીને એસીબીએ સઘન પુછપરછ શરુ કરી છે.

### આબુમાં વેચાતો દારૂ અસલી કે નકલી...?

# માણસા નજીકથી વધુ એક દારૂ બનાવતી મીની ફેકટરી પકડાઈ

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં દારૂબંધીને પગલે બુટલેગરોએ અન્ય રાજયોમાંથી દારૂ લાવવા માટે ખુબ રૂપિયા વેરવા પડતા હોવાનું માની લઈ હવે અહીં જ દારૂ બનાવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. અગાઉ છોટા ઉદેપુરથી કેમીકલથી દારૂ બનાવવાની મોટી ફેકટરી પકડાઈ હતી તે ઉપરાંત અડાલજ, માણસામાંથી પણ મીની ફેકટરી પકડાઈ ચુકી છે.

નોંધનીય બાબત તો એ છે કે તમામ કેસમાં દારૂ બનાવનાર આરોપીઓ રાજસ્થાની છે એટલે રાજસ્થાનમાં વેચાતા દારૂ પર કેટલો વિશ્વાસ રાખવો તે પ્રશ્ન છે. ગઈ રાત્રે માણસા નજીકના વેડા ગામમાં મકાનમાં ચાલુ કરેલી દારૂ બનાવવાની મીની ફેકટરી માણસા પોલીસે પકડી પાડી છે. તેમાં પણ દારૂ બનાવનાર શખ્સો રાજસ્થાનના જ હોવાનું ખુલ્યું છે. માણસા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

માણસા પીએસઆઈ નટુભા જાડેજા તથા તેમની ટીમને બાતમી મળી હતી કે વેડા ગામમાં હુડકો ખાતે રાજુ રામસંગ ઠાકોરના મકાનમાં વિદેશી દારૂ બનાવવામાં આવે છે. જેને આધારે ગઈ રાત્રે ટીમે દરોડો પાડીને કેમીકલથી દારૂ બનાવતા ત્રણ રાજસ્થાનના ડુંગલા વિસ્તારના શખ્સો પુષ્કર ચાંદમલ ઓડ, રતન માધવ ઝાંટ, અને રાજુ દલીચંદ લુહારને પકડી પાડયા છે તે ઉપરાંત જેના મકાનમાં મીની ફેકટરી શરૂ કરી દીધી હતી તે રાજુ ઠાકોર સહિત ચારની માણસા પોલીસે ધરપકડ કરી લઈ બાઈક, મોબાઈલ તથા ૪૦૦ બોટલ બનાવેલો વિદેશી દારૂ મળી રૂ. ૧,૦૭,૮૧નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### વેતન વધારાની માંગ સાથે

# મંગળવારે આશાવર્કર બહેનો ધરણા કરશે

## મહિલા સશક્તિકરણની વાતો સામે આશાવર્કર બહેનોનું શોષણ : મુખ્યમંત્રીને પણ રજૂઆત કરાશે

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં કામ કરતી આશાવર્કર બહેનો દ્વારા ગુજરાત જન અધિકાર મંચના સહયોગથી વિશ્વ મહિલા દિવસના રોજ તા. ૮ માર્ચે ધરણાનો કાર્યક્રમ યોજાશે. આશાવર્કર બહેનોને આર્થિક શોષણ થઈ રહ્યુ હોવાનું આક્રોશ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. ત્યારે આશા વર્કરોનું વેતન વધારી તેમને કાયમી કરવાની માંગ સાથે સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ યોજાશે.

ગુજરાતમાં ૩૮ હજાર જેટલી આશાવર્કર બહેનો દ્વારા આરોગ્ય ક્ષેત્રે લાંબા સમયથી સેવા આપામાં આવી રહી છે. આ તમામ આશાવર્કર બહેનો દ્વારા રસીકરણ, પોલીયો નાબુદી, મલેરિયાની જવાબદારી, અન્ય રોગોની જવાબદારી, કુપોષણ તેમજ નાના બાળકોમાં રસીકરણ જેવી અનેક જવાબદારીઓ લઈને અંતરિયાળ ગામડાઓ સુધી સેવા આપવામાં આવી રહી છે. પરંતુ આટલી જવાબદારીઓ નિભાવ્યા બાદ પણ આ આશાવર્કર બહેનોને કમીશન પ્રમાણે ખુબજ ઓછુ વેતન આપવામાં આવે છે. આજના સમયમાં આટલા નજીવા વેતનમાં કોઈ પણ આશાવર્કર બહેનનું ઘર ચાલી શકતુ નથી.

એકબાજુ ગુજરાતમાં મહિલા સશક્તિકરણની મોટી મોટી વાતો થાય છે ત્યારે બીજી બાજુ આ રીતે ગુજરાતમાં જ મોટાપાયે મહિલાઓનું આર્થિક શોષણ થઈ રહ્યું છે ત્યારે તમામ આશાવર્કર બહેનોનું વેતન વધારી આપવામાં આવે અને લાંબા સમયથી સેવા આપતા આશાવર્કર બહેનોને કાયમી કરવામાં આવે તેવી માંગ સાથે ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ગુજરાતની તમામ આશાવર્કર બહેનો તા. ૮ માર્ચના રોજ ૧૧ થી ૫ સુધી ગુજરાત જન અધિકાર મંચને સાથે લઈ ધરણા કરશે.

આ તબક્કે આશાવર્કર બહેનોના પ્રશ્નોની રજૂઆત મુખ્યમંત્રીને પણ કરવામાં આવશે. તેમ ગુજરાત જન અધિકાર મંચના પ્રમુખ પ્રવિણ રામે જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગરના પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે તાવ-શરદીને કારણે આખો દિવસ આરામ કર્યો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના સસરા અને કુડાસણના પ્રગતિશીલ ખેડૂત શ્રી રતિભાઈ પટેલનું આજે દુઃખદ અવસાન થયું છે.
- રાજ્યના આરોગ્ય કમિશ્નર દ્વારા આજે સવારે અને બપોરે એમ એક જ દિવસમાં બે વાર વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની અને ગ્રામ વિકાસ એજન્સીના નિયામકોની કોન્ફરન્સ પોળોના જંગલમાં યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં લગ્નસરાની મોસમ વચ્ચે પરીક્ષાનો માહોલ છવાયેલો હોવાથી આનંદ અને ગંભીરતાનું વાતાવરણ છવાયેલુ જોવા મળી રહ્યું છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની આવી રહેલી ચૂંટણીને પગલે મનપાનું તેમજ જિલ્લા વહીવટીતંત્રની ચૂંટણીતંત્ર ઈલેકશન મોડમાં આવી ગયું છે.
- ગાંધીનગર શહેરમાં શરદી-ખાંસી અને વાઈરલ તાવના દર્દીઓની સંખ્યા મોટી છે.
- જિલ્લા પંચાયતના પશુ ચિકિત્સકોની આજે માસિક બેઠક મળી હતી. જેમાં આગામી દિવસોમાં યોજાનારા કેમ્પોના આયોજનની ચર્ચાઓ ઉપરાંત થયેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

## શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્તોત્ર પઠનનું આયોજન

ગાંધીનગર, તા.૫

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા મહાશિવરાત્રી મહાપર્વ ઉજવણી નિમિત્તે તા. ૭મી માર્ચને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાક બિપિનચંદ્ર વૈષ્ણવના નિવાસસ્થાન પ્લોટ નંબર ૬૦૬, ચ-૬ કોર્નર, સે-૨૨ ખાતે મહિમ્ન સ્તોત્ર પઠનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પઠનમાં સર્વે વડનગરા નાગર જ્ઞાતિજનોને હાજર રહેવ સમાજના મંત્રી તરંગ બી. હાથીએ જણાવ્યું છે.

# અમદાવાદમાં ઢાળની પોળ ખાતે ‘કુંવરબાઈનું મામેરૂ’ આખ્યાન રજુ થશે

## મેયર ગૌતમભાઈ શાહ, ધારાસભ્ય ભૂષણ ભટ્ટ, અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને હરદ્વાર ગોસ્વામી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સાહિત્ય અકાદમી અને વિશ્વમ આર્ટસના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૮મી માર્ચના રોજ રાત્રે ૯.૩૦ કલાકે નરસિંહ મહેતાના જીવન પર આધારિત પ્રશિષ્ટ આખ્યાન ‘કુંવરબાઈનું મામેરૂ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આખ્યાન કથાકાર ધાર્મિકલાલ પંડ્યા દ્વારા મંગળવારના રોજ અમદાવાદ સ્થિત ઢાળની પોળમાં પ્રસ્તુત કરવામાં આવશે. મધ્યકાળનું ઐતિહાસિક આખ્યાન પાંચસો વર્ષ પૂર્વે પોળમાં રજૂ કરવામાં આવ્યું હતું. એજ રૂપરંગ અને ઢંગથી મધ્યકાલીન માહોલમાં રજૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અ.મ્યુ. કોર્પોરેશનના મેયર ગૌતમભાઈ શાહ, ધારાસભ્ય ભૂષણ ભટ્ટ, અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને હરદ્વાર ગોસ્વામી ઉપસ્થિત રહેશે. વિશ્વમ્ આર્ટસના વિવેક શાહ અને અકાદમીના મનોજ ઓઝા કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવશે.

# માણસામાં આજે ચામડીના રોગો માટે નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૫

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ અને મા પાલઈ વિઘ્નેશ્વરીધામ માણસા દ્વારા મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનું નિદાન અને સારવાર કેમ્પ નિઃશુલ્કપણે યોજાય છે. જ્યારે માર્ચ મહિનાના પ્રથમ રવિવારે તા. ૬ માર્ચના રોજ બપોરે ૨.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન મલાવ તળાવ પાસે આવેલ આનંદીમાનો વડલા ખાતે ૭૮મા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પમાં અમદાવાદના ચામડી, ગુપ્તરોગો, રક્તપિતો, કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ બી. પટેલ સેવા આપશે.

### આર્ટ ઑફ લિવિંગનાં ૩૫ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે

# દિલ્હી ખાતે વર્લ્ડ કલ્ચર ફેસ્ટીવલ

## ગુજરાતના ૧ હજાર કલાકારો પૈકી ગાંધીનગરના ૩૫થી વધુ કલાકારો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૫

આર્ટ ઑફ લિવિંગનાં ૩૫ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે નવી દિલ્હી ખાતે આગામી તા. ૧૧ માર્ચના રોજ વર્લ્ડ કલ્ચર ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૫ દેશોનાં ૩૫ લાખથી વધુ લોકો ભાગ લઈ રહ્યાં છે. ૧૩ માર્ચ સુધી ચાલનારા આ ત્રિદિવસીય વર્લ્ડ કલ્ચર ફૅસ્ટીવલનું ઉદ્ઘાટન દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

વિશ્વ એક પરિવાર છે એ સૂત્ર સાથે શ્રી શ્રી રવિશંકરની આગેવાનીમાં માનવતાનો સંદેશ પ્રસરાવતાં આર્ટ ઑફ લિવિંગે ૩૫ વર્ષ પૂર્ણ કર્યાં છે. આ પ્રસંગની ઉજવણી સાંસ્કૃતિક પ્રવૃત્તિના માધ્યમથી કરવાના હેતુસર વર્લ્ડ કલ્ચર ફૅસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે.



કાર્યક્રમ માટે તૈયારી કરતા ગુજરાતના કલાકારોની ફાઈલ તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)

પૂર્વ દિલ્હીમાં મયુર વિહાર મૅટ્રો સ્ટેશનની સામેના મેદાનમાં આ મહા કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૧૧ના રોજ સાંજે પાંચ કલાકે ઉદ્ઘાટન સમારોહ યોજાશે, જે અંતર્ગત કલ્ચરલ શો કેસ અને અતિથિઓનાં ઉદ્બોધનો યોજવામાં આવશે. તા. ૧૨ના રોજ સવારે ૧૦ કલાકે ગ્લોબલ લીડરશીપ ફૉરમ યોજાશે અને સાંજે પાંચ કલાકથી સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે. તા. ૧૩ના રોજ પણ એ જ પ્રમાણે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ફૅસ્ટીવલના ત્રણેય દિવસો દરમ્યાન ધ્યાનનો કાર્યક્રમ યોજવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ ફૅસ્ટીવલમાં ગુજરાત તરફથી ગરબા-રાસ-માંડવડીનો સમન્વય કરતી ભાતીગળ ગુજરાતની સાંસ્કૃતિક કૃતિ રજૂ થઈ રહી છે. ફૅસ્ટીવલના પ્રથમ દિવસે એટલે કે તા. ૧૧ માર્ચના રોજ સાંજે ગુજરાત રાજ્યના ૧ હજાર જેટલા કલાકારો સાથે મળીને આ કૃતિ પ્રદર્શિત કરશે. આ કલાકારોમાં ગાંધીનગરના ૩૫થી વધુ કલાકારો ભાગ લઈ રહ્યા છે એ વાત તો અહીં ઉલ્લેખનીય છે જ, પરંતુ એ બાબતેય જાણવા જેવી છે કે સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સંગીતની સુરાવલીઓ રેલાવવા માટે ગાંધીનગરમાંથી પાંચ જેટલા વાદ્યકારો - જેમાં વાંસળી, તબલાં અને ઢોલક વાદક સામેલ છે - પણ ઉપસ્થિત રહેશે.

આ કલાકારો ઉપરાંત ગુજરાતના દોઢ લાખ અને ગાંધીનગરના ૧૫૦થી વધુ ભાવિકો



આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે દિલ્હી ઉપસ્થિત રહેવાના છે.

આ સાંસ્કૃતિક મહોત્સવને ઘેરબેઠાં માણી શકાય એવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ‘આનંદટીવી’ના માધ્યમથી કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે અને વેબસાઈટ ‘આનંદલાઈવ ડૉટ કૉમ’ પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.